# આઈપીસીમાંથી કલમ ૩૦૯ને નાબૂદ કરવા નિર્ણય

## ૧૮ રાજ્યો અને ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોના ટેકા બાદ નિર્ણય : રાજ્યસભામાં મોદી સરકાર દ્વારા જાહેરાત : કાયદા પંચની ભલામણ બાદ નિર્ણય કરાયો : આખરે આત્મહત્યાના પ્રયાસને અપરાધની શ્રેણીમાંથી દૂર

નવીદિલ્હી,તા.૧૦

આત્મહત્યા કરવાના પ્રયાસને હવે અપરાધની શ્રેણીમાંથી દૂર કરવામાં આવનાર છે. લો કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ભલામણ કરવામાં આવ્યા બાદ ઈન્ડિયન પીનલ કોડની (આઈપીસી) કલમ ૩૦૯ને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૮ રાજ્યો અને ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોનો ટેકો મળ્યો હોવાનો દાવો રાજ્યસભામાં કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો છે. તેના ૨૧૦માં અહેવાલમાં લો કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ભલામણ કરવામાં આવી હતી. કલમ ૩૦૯ (આત્મહત્યાના પ્રયાસ)ને દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કલમ ૩૦૯ હેઠળ આત્મહત્યાના પ્રયાસ પર હાલ એક વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઈ રહેલી છે પરંતુ હવે આત્મહત્યાનો પ્રયાસ ગુના તરીકે રહેશે નહીં. તેને અપરાધની શ્રેણીમાંથી દૂર કરવામાં આવશે. આજે સંસદમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ગૃહમંત્રાલયના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યોની ભલામણ અને સહમતિ બાદ કેન્દ્ર સરકારે આ કલમને આઈપીસીમાંથી દૂર કરવાનો નિર્ણય કર્યો છે.

લોકસભામાં ઓગસ્ટ મહિનામાં ગૃહરાજ્ય પ્રધાન કિરણ રિજીજુએ કહ્યું હતું કે, આત્મહત્યાના પ્રયાસને માનવીય આધાર પર વિચારણા કરવા અને અપરાધની શ્રેણીમાંથી બહાર મુકવાની જરૂર છે. આત્મહત્યા સાથે જોડાયેલા જુદા જુદા પાસાઓમાં અભ્યાસ કર્યા બાદ કમિશને કહ્યું હતું કે, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૯ને દૂર કરી દેવી જોઈએ. કમિશનના અધ્યક્ષ જસ્ટિસ એઆર લક્ષ્મણન અને પંચના બે સભ્યોની રિપોર્ટમાં આત્મહત્યાને અપરાધના વર્ગમાંથી દૂર મુકવાની વાત કરવામાં આવી હતી. આવી સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી કે, કોઈ વ્યક્તિને આત્મહત્યા કરવા માટે પ્રોત્સાહિત કરવા અથવા તેમા તેની મદદ કરનારને ચોક્કસપણે દંડ ફટકારવામાં આવે તે જરૂરી છે. આત્મહત્યાના માનવીય પાસાઓ સાથે સરખાવતા તેમણે કહ્યું હતું કે, એવી વ્યક્તિને દંડ કરવાની જરૂર નથી જે પારિવારિક સમસ્યા, નજીકના સંબંધીના મોત, મતભેદોના પરિણામ સ્વરુપે જીવન ટુંકાવી દેવાનો નિર્ણય કરે છે. જીવનથી હારી ગયેલા આવા વ્યક્તિને સહાનુભૂતિ, સલાહ સૂચન અને યોગ્ય સારવારની જરૂર રહે છે તેની જગ્યા જેલ નથી. પંચ મુજબ આત્મહત્યા સંબંધિત કલમ ૩૦૯ બેવડા દંડ માટેનું કારણ બને છે. જે વ્યક્તિ આત્મહત્યાનો પ્રયાસ કરે છે તેના લીધે તે પીડા અને અપમાન ભોગવી ચુક્યો હોય છે તેને કાયદા મારફતે દંડ કરવાની બાબત યોગ્ય દેખાતી નથી. ચૌધરીએ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની બાબત રાજ્યનો વિષય છે પરંતુ કાયદા પંચની ભલામણ ઉપર તમામના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આઈપીસીની કલમ ૩૦૯માં જેલની સજા અને દંડની જોગવાઈ રહેલી છે.

# યાકુબ મેમણની ફાંસી પર સુપ્રીમ કોર્ટે પુનઃ સ્ટે મુક્યો

### એસટીએફ મહારાષ્ટ્ર અને સીબીઆઈને નોટીસ : સુપ્રીમે આ વર્ષે અગાઉ બે વખત મેમણની ફાંસી ઉપર સ્ટે મુક્યો હતો : સજાની સમીક્ષાની માંગ કરી મેમણની અરજી

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને



હચમચાવી મુકનાર વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં મૃત્યુ દંડની સજાનો સામનો કરી રહેલા અપરાધી યાકુબ અબ્દુલ રઝાલ મેમણની ફાંસીના અમલીકરણ પર સ્ટે મુકી દીધો છે. આજે સ્ટે મુકી દેવામાં આવતા કાયદાકીય નિષ્ણાંતોમાં આને લઈને ચર્ચા રહી હતી. ફાંસીના અમલ પર સ્ટે મુકતી વેળા સુપ્રીમ કોર્ટે બ્લાસ્ટ કેસમાં મૃત્યુ દંડની સજાની સમીક્ષા કરવા માટે મેમણ દ્વારા કરવામાં આવેલી અરજીના આધાર પર એસટીએફ મહારાષ્ટ્ર અને સીબીઆઈને નોટીસ ફટકારી હતી. કોર્ટે આ વર્ષે અગાઉ બે વખત મેમણની ફાસી પર સ્ટે મુક્યો હતો. આ વર્ષે ૨૬મી સપ્ટેમ્બર અને બીજી જુનના દિવસે મેમણની સજા પર સ્ટે મુકી દેવામાં આવ્યો હતો. ગયા મહિનામાં સુપ્રીમ કોર્ટના જજ જસ્ટીસ યુયુ લલિતે મેમણની અરજી પર સુનાવણી કરવાથી પીછેહટ કરી હતી. વર્ષ ૧૯૯૩ના મુબઈ બ્લાસ્ટ કેસમાં તેને અપરાધી ઠેરવીને મૃત્યુ દંડની સજાને યોગ્ય ઠેરવતા સુપ્રીમ કોર્ટના ચુકાદાની સમીક્ષા કરવાની માગ કરી મેમણે અરજી કરી હતી. કોર્ટે ૨૧મી માર્ચ ૨૦૧૩ના દિવસે મેમણની મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે મુંબઈમાં જુદી જુદી જગ્યાએ પાર્ક કરવામાં આવેલા વાહનોમાં વિસ્ફોટક મુકવાના મામલે અન્ય ૧૦ને ટાડા કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને કારાવાસમાં ફેરવી નાંખી હતી. કોર્ટે કહ્યું હતું કે મુંબઈમાં બ્લાસ્ટમાં મેમણ માસ્ટર માઈન્ડ હતો. તેની મુખ્ય ભૂમિકા હતી. મુંબઈમાં સિરિયલ બ્લાસ્ટ ૧૯૯૩માં કરવામાં આવ્યા હતા. કુલ ૧૨ ભરચક જગ્યાએ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા આ બ્લાસ્ટમાં કરોડોની સંપત્તિને નુકસાન થયું હતુ.

આ ઘટનામાં ૨૮ કરોડની સંપત્તિને નુકસાન થયુ હતુ. મુંબઈ સ્ટોક એક્સચેન્જ સહિત ઘણી જગ્યાઓએ બ્લાસ્ટ થયા હતા. મુંબઈ બ્લાસ્ટને દેશના સૌથી વિનાશક હુમલા પૈકી એક તરીકે ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે આ તમામની અપીલો પર પહેલી નવેમ્બર ૨૦૧૧થી ઓગસ્ટ ૨૦૧૨ દરમિયાન ૧૦ મહિના સુધી સુનાવણી ચલાવી હતી. સુપ્રીમ કોર્ટે ૨૧મી માર્ચ ૨૦૧૩ના દિવસે મેમણની મૃત્યુ દંડની સજાને યોગ્ય રાખી હતી.

# આંધ્ર : હત્યાકાંડના મામલે ૨૧ને આજીવન કારાવાસ

### ટીડીપીના નેતા અને અન્યોની હત્યા કરાઈ હતી : સેશન કોર્ટ દ્વારા સજા ફટકારાતા ભારે સોપો પડી ગયો

હૈદરાબાદ,તા. ૧૦

આંધ્રપ્રદેશમાં કોર્ટે હત્યાના મામલામાં ૨૧ લોકોને આજે આજીવનકારાવાસની સજા ફટકારી હતી. ૭ વર્ષ અગાઉ રાજકારણી અને અન્ય ૧૦ની ઘાતકી હત્યા કરવામાં આવી હોવાના મામલામાં ૨૧ લોકોને આજીવન કારાવાસની સજા કરવામાં આવી છે. કરનુલ જિલ્લામાં અદોની શહેરમાં સેશન કોર્ટે આ કેસમાં ચુકાદો આપ્યો હતો. હત્યા કેવી નાયડૂની કરવામાં આવી હતી જે ટીડીપીના નેતા તરીકે હતા. સાથે સાથે અન્ય ૧૦ની પણ હત્યા કરાઈ હતી. અપરાધીઓ પૈકીના ત્રણ પહેલાથી જ મૃત્યુ પામ્યા છે. ચાવીરૂપ આરોપી ફરાર છે પરંતુ કોર્ટે તેનો કેસ છુટો કરી દીધો છે. આ કેસમાં ૪૮ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી જે પૈકી ચાર નાયડૂના સમર્થકો દ્વારા ઝપાઝપીમાં માર્યા ગયા હતા. અન્ય ત્રણ લોકો જેલમાં મૃત્યુ પામ્યા હતા. નાયડુ, તેમના ભત્રીજા અને અન્યોની ૧૭મી મે ૨૦૦૮ના દિવસે કરનુલ જિલ્લામાં કોડુમોરુ નજીક હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા કેસના સંદર્ભમાં ટ્રાયલમાં ભાગ લીધા બાદ આ લોકો પરત ફરી રહ્યા હતા. હત્યારાઓએ ખાલી ટ્રક જીપ સાથે ટકરાવી દીધી હતી જેમાં નાયડુ અને અન્યો હતા. ત્યારબાદ બોંબ ઝીંકવામાં આવ્યા હતા અને હુમલા કરવામાં આવ્યા હતા.

# BCCI ચુંટણી લડવા મંજુરી આપવા શ્રીનિવાસનની માંગ

### શ્રીનિવાસન દ્વારા સુપ્રીમ કોર્ટમાં માંગણી : બોર્ડ પ્રમુખ ચુંટાયા બાદ પણ આઈપીએલ સંબંધિત બધા મામલાથી દૂર રહેવાની સુપ્રીમમાં શ્રીનિવાસનની ખાતરી

એડિલેડ,તા.૧૦

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના વડા નારાયણસ્વામી શ્રીનિવાસને આજે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની ચૂંટણી લડવાની મંજૂરી આપવા સુપ્રીમ કોર્ટ સમક્ષ વિનંતિ કરી હતી. શ્રીનિવાસને ખાતરી આપી હતી કે ઈન્ડિયન પ્રિમિયર લીગના મામલાઓતી તેઓ દુર રહેશે. શ્રીનિવાસને કોર્ટમાં ખાતરી આપી હતી કે જો તેઓ બોર્ડના પ્રમુખ તરીકે ચૂટાઈ આવસે તો પણ જ્યાં સુધી ટી-૨૦ ફ્રેન્ચાઈજમાં સ્પોટ ફિક્સિંગ મામલે તપાસ કરી રહેલી કમિટી દ્વારા તેમને ક્લીન ચીટ આપવામાં આવશે નહી ત્યાં સુધી આઈપીએલ મેચોથી દુર રહેશે. સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરીને માર્ચ મહિનામાં વિવાદમાં નિષ્પક્ષ તપાસની ખાતરી કરવા બીસીસીઆઈના પ્રમુખ તરીકે તેમની ફરજમાંથી શ્રીનિવાસનને દુર રહેવા આદેશ કર્યો હતો. આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગઅને સટ્ટાના આક્ષેપોમાં તપાસ કરનાર જસ્ટીસ મુકુલ મુડગલ પેનલે નવેમ્બર મહિનામાં એમ કહીને ખળભળાટ મચાવી દીધો હતો કે શ્રીનિવાસન ધારાધોરણના ભંગથી વાકેફ હતા. જો કે પેનલે કહ્યુ હતું કે જુલાઈમાં આઈસીસીના ચેરમેન તરીકેની જવાબદારી સ્વીકારી ચુકેલા શ્રીનિવાસન સટ્ટા અને ફિક્સિંગમાં દોષિત નથી આ ઉપરાંત તેઓએ તપાસને રોકવા માટે કોઈ પ્રયાસ કર્યા ન હતા તેમ પેનલે કહ્યુંહતુ. જો કે પેનલે શ્રીનિવાસનના જમાઈ ગુરનાથ મેયપ્પન વર્ષ ૨૦૧૩ આઈપીએલમાં ગેરકાયદે સટ્ટામાં સામેલ હતા. શ્રીનિવાસને ખાતરી આપી હોવા છતાં સુપ્રીમ કોર્ટે હળવુ વલણ અપનાવ્યું ન હતુ. સુપ્રીમે બોર્ડને કહ્યુ હતું કે જો રમતમાં લોકોના વિશ્વાસને જાળવી રાખવામાં નહી આવે તો ક્રિકેટની રમત ભાંગી પડશે. અગાઉની સુનાવણી દરમિયાન કોર્ટે આદેશ કર્યો હતો કે બીસીસીઆઈએ શ્રીનિવાસન વગર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.

# લોકસભામાં ધર્મ પરિવર્તન મુદ્દે સામસામે આક્ષેપબાજી

### ધર્મપરિવર્તનનો મામલો રાજ્ય સરકારનો મામલો : લોકસભા અને રાજ્યસભામાં હોબાળો : ધર્મ પરિવર્તન સ્વૈચ્છિક રીતે થાય તો તેમાં કોઇ જ ખોટુ નથી : લક્ષ્મીકાંત

નવીદિલ્હી,તા.૧૦

આગરામાં ધર્મ પરિવર્તન માટે લાલચ આપવાને લઈને આવેલા અહેવાલ મુદ્દે ભારે હોબાળો રહ્યો હતો. સંસદમાં તેની ગુંજ જોવા મળી હતી. ધર્મ પરિવર્તન વિવાદથી પોતાને દૂર કરવાનો સંકેત સરકારે આપ્યો હતો. આગરામાં ધર્મ પરિવર્તનનો મામલો આજે સંસદમાં તૃણમુલ કોંગ્રેસ એનસીપી, સમાજવાદી પાર્ટીના સભ્યોએ ઉઠાવ્યો હતો અને વડાપ્રધાનને પોતાના લોકોને આવા કામને રોકી દેવા સૂચના આપવા માટે અપીલ કરવામાં આવી હતી. જો કે કેન્દ્ર સરકારે આ મામલે સ્પષ્ટતા કરી હતી કે, આ રાજ્ય સરકારનો મામલો છે. ઉત્તરપ્રદેશ સરકાર આમા કાર્યવાહી કરી રહી છે. આજે સવારે લોકસભાની કાર્યવાહી શરૂ થવાની સાથે જ તૃણમુલ કોંગ્રેસના સભ્યોએ પોતાના હાથમાં અખબારોની નકલ લઈને કહ્યુંહતુંકે, આગરામાં ધર્મ પરિવર્તનને લઈને સરકાર ખુલાસો કરે તે જરૂરી છે. સમાજવાદી પાર્ટી, એનસીપીના સભ્યોએ પણ આનું સમર્થન કર્યું હતું. તૃણમુલના સભ્ય સુલતાન અહેમદે કહ્યું હતું કે, આગરામાં જે કંઈ પણ ચાલી રહ્યું છે તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. વડાપ્રધાન પોતાના સભ્યોને આવા કામ કરતા રોકે તે જરૂરી છે. આ અંગે ભાજપના સભ્ય કિરીટ સોમૈયાએ તૃણમુલ સામે વળતા પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન સામે વાંધાજનક ટિપ્પણી ન કરવા કહ્યું હતું. અધ્યક્ષ સુમિત્રા મહાજને આ સંદર્ભમાં કહ્યું હતું કે, તેમને નોટિસ મળી છે અને તેઓ સભ્યો સાથે વાત કરશે. આરજેડીના જયપ્રકાશ નારાયણ યાદવે યુવતી પર બળાત્કારનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષ દ્વારા વડાપ્રધાનના નિવેદનની માંગ કરવામાં આવી હતી. માયાવતીએ કહ્યું હતું કે, આ મામલો ખુબ જ ગંભીર છે તેમાં લાલચ દેખાય છે. સમાજવાદી પાર્ટી તરફથી ગંભીરતાથી આ મામલાને હાથ ધરવા અપીલ કરવામાં આવી હતી. જવાબમાં સંસદીય બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, સરકારને પણ આની ચિંતા છે પરંતુ આ રાજ્ય સરકાર સાથે જોડાયેલો મામલો છે. એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. રાજકારણ હેઠળ કેટલાક સંગઠનોના નામ ઉછાળવામાં આવી રહ્યા છે.

દરમિયાન ટેલિકોમ પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ સ્વેચ્છિક રીતે ધર્મપરિવર્તન કરે છે તો તે તેનો અધિકાર છે. ભાજપના લક્ષ્મીકાંત વાજપેયીએ કહ્યું હતું કે, સ્વૈચ્છિક રીતે ધર્મપરિવર્તન યોગ્ય પરંતુ લાલચથી ફરજ પાડવી અયોગ્ય છે.

# જયલલિતા બે માસથી ઘરની બહાર નિકળ્યા નથી

### પૂર્વ મુખ્યપ્રધાન સામે અનેક શરતો લદાઈ છે : જયાને બે મહિના માટે જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે પરંતુ હવે ૧૮મી ડિસેમ્બરના દિવસે સુનાવણી કરાશે

ચેન્નાઈ,તા. ૧૦

આશરે ૫૦ દિવસ પહેલા આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં દોષિત જાહેર થઈ ચુકેલા તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જયલલિતાને જામીન મળી ગયા છે પરંતુ ભારે મુશ્કેલીનો સામનો



તેમને કરવો પડી રહ્યો છે. જામીન મળ્યા બાદ ચેન્નાઈના પોએસ ગાર્ડનની બહાર ભારે સન્નાટો જોવા મળે છે. કોઈ સમય અહીં સમર્થકો હમેંશા રહેતા હતા પરંતુ હવે ભારે સન્નાટો રહે છે. હવે સ્થિતી બદલાઈ ચુકી છે. મામલા અંગે માહિતી ધરાવનાર એક વ્યક્તિએ માહિતી આપતા કહ્યું છે કે જામીન પર છુટ્યા બાદ જયલલિતા એક પણ વખત ઘરની બહાર નિકળ્યા નથી. જયલલિતાને સુપ્રીમ કોર્ટે ૧૮મી ઓક્ટોબરના દિવસે બે મહિના માટે જામીન આપી દીધા હતા. સુત્રોએ કહ્યુ હતું કે અમ્મા એક વખત પણ ઘરની બહાર નિકળ્યા નથી. અલબત્ત શશીકલા સતત તેમના લોકોને મળી રહ્યા છે. સુત્રોએ કહ્યું હતું કે મુખ્યપ્રદાન પનીરસેલવમ સહિત કેટલાક પસંદગીના પ્રધાનો, વરિષ્ઠ અધિકારીઓ અને વકીલ જ તેમના આવાસ પર પહોંચી રહ્યા છે. કર્ણાટક હાઈકોર્ટમાં અપીલના મામલા સાથે સંબંધિત તમામ દસ્તાવેજો બેંગલોર મોકલવામાં આવી ચુક્યા છે. આશરે ત્રણ દિવસ પહેલા જ સીલબંધ મોટા બેંગસમાં દસ્તાવેજોને વેનમાં મુકીને બેંગ્લોર મોકલવામાં આવ્યા હતા. જયલલિતાના વકીલોને પણ બેંગલોર મોકલવામાં આવી ચુક્યા છે. હાઈકોર્ટમાં મામલાની સુનાવણી સુધી તેમના વકીલોની ટુકડી ત્યાં જ રોકાશે. જયલલિતા અને તેમના મિત્રોની જામીન સુનાવણી હાથ ધરતી વેળા સુપ્રીમ કોર્ટે તેમની સજા પર સ્ટે મુક્યો હતો. હવે આગામી સુનાવણી ૧૮મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. જેના પર નજર રહેશે.

# હવે મોદી સરકારમાં અનિલ દેસાઈ પ્રધાન બનવા સહમત

### નઝમાને આસામના રાજ્યપાલ બનાવવા તૈયારી : સંસદના શિયાળુ સત્ર બાદ જ શિવ સેનાના સાંસદ અનિલ દેસાઈને સામેલ કરાશે : ભાજપ-શિવ સેના ફરીવાર મિત્ર

નવી દિલ્હી,તા.૧૦

શિવ સેનાના સાંસદ અનિલ દેસાઈને કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારમાં સામેલ કરવાનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ગયા વખતે મોદી કેબિનેટના વિસ્તરણ વેળા પ્રધાન બનવાથી રહી ગયેલા અનિલ દેસાઈને હવે કેબિનેટમાં સામેલ કરવામાં આવનાર છે. સંસદના શિયાળુ સત્ર બાદ દેસાઈને રાજ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે. ભાજપ અને શિવ સેના વચ્ચે મહારાષ્ટ્રમાં વિવાદનો અંત આવ્યા બાદ હવે કેન્દ્રમાં શિવ સેનાના સાંસદ મોદી સરકારમાં સામેલ થવા જઈ રહ્યા છે. ચર્ચા એવી પણ છે કે લઘુમતિ બાબતોના પ્રધાન નઝમાં હેપ્તુલ્લાને આસામના રાજ્યપાલ તરીકે જવાબદારી સોંપવામાં આવશે. મુખ્તાર અબ્બાસ નકવીને પ્રમોટ

કરીને કેબિનેટ પ્રદાન બનાવવામાં આવે તેવી શક્યતા પણ છે. મોદી બીજી વખત શિયાળુ સત્ર બાદ કેબિનેટમાં કેટલાક ફેરફાર કરનાર છે. સામાન્ય બજેટ અને રેલવે બજેટ પહેલા તમામ પગલા લેવામાં આવનાર છે. બજેટ સત્ર પહેલા નારાજગીને દુર કરવાની કવાયત શરૂ કરવામાં આવી છે. સરકારના ટોપના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે અનિલ દેસાઈ ગઈ વખતે કેબિનેટના વિસ્તરણ વેળા સામેલ થઈ શક્યા ન હતા. એ વખતે ભાજપ અને શિવ સેના વચ્ચે જોરદાર ખેંચતાણ હતી. જેથી તેઓ પ્રધાન બની શક્યા ન હતા.

## સમાચાર ઝલક

- ઓસ્ટ્રેલિયન પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે આવશે.
- દેશમાં પ્રતિ ૧૦૦૦ દર્દીએ એક હોસ્પિટલ બેડ પણ નથી.
- મુંબઇમાં ગુજરાત ભવન બનાવવા માગણી.
- 'જામનગર-બાંધણી'નો જીયોલોજિકલ આઇડેન્ટીટી પેટન્ટની મંજુરી મળી.
- બાંધકામ ક્ષેત્રના વિકાસ માટે ત્રણ લાખ કરોડની યોજના.
- ડિઝલના ભાવ ઘટતાં ટ્રક ભાડામાં ઘટાડો કરાયો.
- આઇ.ટી.સી કંપની હવે ડેરી પ્રોડક્ટ અને જ્યુસ માર્કેટમાં ૧૦૦૦ કરોડનું રોકાણ કરશે.
- હાજા ગગડાવે તેવી ઠંડી ગુજરાતમાં પડશે, હવામાન વિભાગનું અનુમાન.
- નાતાલ-ન્યુ યરની ઉજવણી માટે ગોવા હોટ ફેવરીટ બન્યું, હોટેલના ભાવોમાં ૫૦%નો વધારો.
- ધામધૂમથી થતા લગ્નો પર ટી.ડી.એસ. કચેરીની બાજ નજર રહેશે.
- ૩૦ વર્ષ બાદ લતા મંગેશકર અને આશા ભોંસલેની જોડી એક સાથે કામ કરશે.
- લુધીયાણામાં બળાત્કારની ફરિયાદ કરવા બદલ ૧૭ વર્ષની યુવતીને જીવતી સળગાવી મારી નાંખી.
- શોહરાબુદ્દીન કેસના તમામ આરોપીઓને જામીન-મુક્તિ મળી.
- મોરબી પાલિકાએ માહિતી અધિકાર હેઠળની માહિતી નહિ આપતાં માહિતી આયોગે ૨૫ હજારનો દંડ ફટકાર્યો.
- દેશમાં 'વિશ્વ માનવ અધિકાર દિવસ' ઉજવાશે.
- ૫૬ વર્ષે પણ મેડોનાએ ફિલ્મ અભિનય કરી પોતાનો દબદબો યથાવત જાળવ્યો.
- લોકસાહિત્ય ક્ષેત્રમાં હવે શાલને બદલે મશાલ પકડાવવાની જરૂર : પ.પૂ. મોરારી બાપુ
- વોલ્ટાસ કંપની હવે ભારતીય એ.સી.બજારમાં નંબર વન કંપની બની.

# પાકિસ્તાન વિશ્વભરના સૌથી ખતરનાક દેશોમાં સામેલ છે

### અમેરિકાના નવા અહેવાલમાં ઘટસ્ફોટ કરાયો : સૌથી ખતરનાક દેશોની યાદીમાં નાઇજીરિયા બીજા ક્રમાંકે

ન્યુયોર્ક,તા.૧૦

વિશ્વભરના સૌથી ખતરનાક દેશોની યાદીમાં પાકિસ્તાન ટોપ દસ દેશોમાં સામેલ છે. અમેરિકા દ્વારા જે નવી યાદી ખતરનાક દેશોની જારી કરી છે તેમાં પાકિસ્તાન આઠમા ક્રમાંકે છે. યાદીમાં ઈરાક સૌથી ખતરનાકે દેશ તરીકે પ્રથમ ક્રમાંકે છે. અમેરિકા સ્થિત ઈન્ટેલિજન્સ થિન્ક ટેન્ક દ્વારા યાદી જાહેર કરવામાં આવી છે. યાદીમાં અન્ય જે દક્ષિણ એશિયન દેશ સામેલ છે તેમાં અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. તે યાદીમાં ચોથા ક્રમાંકે છે. ત્રાસવાદી હુમલા અને વારંવાર એલર્ટ તેમજ હિંસાના આધાર પર આ યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં પાકિસ્તાન સામેલ છે. ઈન્ટેલિજન્સ સંસ્થાઓ માટે કામ કરનાર વોશિંગ્ટન સ્થિત કંપની ઈન્ટેલ સેન્ટરે ગઈકાલે યાદી જારી કરી હતી. આ યાદી તમામ ખતરનાક દેશોની છે. આ યાદીમાં ટોપ ૧૦ દેશની વાત કરવામાં આવે તો નાઈજીરિયા બીજા સ્થાને છે. જ્યારે સોમાલિયા ત્રીજા સ્થાને છે. યમન પાંચમાં, સિરિયા છઠ્ઠા, લિબિયા સાતમા, ઈજિપ્ત નવમાં અને કેન્યા ૧૦માં સ્થાને છે. કન્ટ્રી થ્રીટ ઈન્ડેક્સ નામથી યાદી જાહેર કરવામાં આવી છે. ઝીરો કરતા સીટીઆઈ ગ્રેટ સાથે ૪૫ દેશોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં પાકિસ્તાન પણ સામેલ છે. પાકિસ્તાન યાદીમાં આઠમાં ક્રમાંકે છે. પાકિસ્તાનમાં રક્તપાતનો દોર મોટા ભાગે જારી રહે છે. પાકિસ્તાનમાં અનેક ત્રાસવાદી સંગઠન સક્રિય થયેલા છે. જે વારંવાર દુનિયાના કોઈ પણ ભાગમાં હુમલાને અંજામ આપે છે. ટ્રેનિંગ કેમ્પ પણ પાકિસ્તાનમાં ચાલી રહ્યા હોવાના અહેવાલ વારંવાર આવતા રહ્યા છે. પાકિસ્તાનને યાદીમાં સામેલ કરવામાં આવતા નવાઝ શરીફ માટે પણ ફટકો છે. કારણ કે ભારતને દાવાને પાકિસ્તાનને અનેક વખત રદિયો આપ્યો છે.